# JAIN PANCHAANG – આસો 2065 – SYDNEY NSW AUSTRALIA

*(From 19th September 2009 till 18th October 2009)*

| Tithi | Date | Sunrise | Navkarshi Time | Porshi Time | Sad Porshi Time | Sunset |
|---|---|---|---|---|---|---|
| **Aaso - Sud 1** | Saturday, 19 September 2009 | 5:49 AM | 6:37 AM | 8:49 AM | 10:19 AM | 5:49 PM |
| **Aaso - Sud 2** | Sunday, 20 September 2009 | 5:48 AM | 6:36 AM | 8:48 AM | 10:18 AM | 5:50 PM |
| **Aaso - Sud 3** | Monday, 21 September 2009 | 5:46 AM | 6:34 AM | 8:47 AM | 10:17 AM | 5:50 PM |
| **Aaso - Sud 4** | Tuesday, 22 September 2009 | 5:45 AM | 6:33 AM | 8:46 AM | 10:17 AM | 5:51 PM |
| **Aaso - Sud 5** | Wednesday, 23 September 2009 | 5:43 AM | 6:31 AM | 8:45 AM | 10:16 AM | 5:52 PM |
| **Aaso - Sud 6** | Thursday, 24 September 2009 | 5:42 AM | 6:30 AM | 8:44 AM | 10:15 AM | 5:52 PM |
| **Aaso - Sud 7** | Friday, 25 September 2009 | 5:41 AM | 6:29 AM | 8:44 AM | 10:15 AM | 5:53 PM |
| **Aaso - Sud 8** | Saturday, 26 September 2009 | 5:39 AM | 6:27 AM | 8:42 AM | 10:14 AM | 5:54 PM |
| **Aaso - Sud 9** | Sunday, 27 September 2009 | 5:38 AM | 6:26 AM | 8:42 AM | 10:14 AM | 5:55 PM |
| **Aaso - Sud 10** | Monday, 28 September 2009 | 5:37 AM | 6:25 AM | 8:41 AM | 10:13 AM | 5:55 PM |
| **Aaso - Sud 10** | Tuesday, 29 September 2009 | 5:35 AM | 6:23 AM | 8:40 AM | 10:12 AM | 5:56 PM |
| **Aaso - Sud 11** | Wednesday, 30 September 2009 | 5:34 AM | 6:22 AM | 8:39 AM | 10:12 AM | 5:57 PM |
| **Aaso - Sud 12** | Thursday, 1 October 2009 | 5:32 AM | 6:20 AM | 8:38 AM | 10:11 AM | 5:57 PM |
| **Aaso - Sud 13** | Friday, 2 October 2009 | 5:31 AM | 6:19 AM | 8:37 AM | 10:11 AM | 5:58 PM |
| **Aaso - Sud 14** | Saturday, 3 October 2009 | 5:30 AM | 6:18 AM | 8:37 AM | 10:10 AM | 5:59 PM |
| **Aaso - Sud 15** | Sunday, 4 October 2009 | 6:28 AM | 7:16 AM | 9:36 AM | 11:10 AM | 7:00 PM |
| **Aaso - Vad 1** | Monday, 5 October 2009 | 6:27 AM | 7:15 AM | 9:35 AM | 11:09 AM | 7:00 PM |
| **Aaso - Vad 2** | Tuesday, 6 October 2009 | 6:26 AM | 7:14 AM | 9:34 AM | 11:09 AM | 7:01 PM |
| **Aaso - Vad 3** | Wednesday, 7 October 2009 | 6:24 AM | 7:12 AM | 9:33 AM | 11:08 AM | 7:02 PM |
| **Aaso - Vad 4** | Thursday, 8 October 2009 | 6:23 AM | 7:11 AM | 9:33 AM | 11:08 AM | 7:03 PM |
| **Aaso - Vad 5** | Friday, 9 October 2009 | 6:22 AM | 7:10 AM | 9:32 AM | 11:07 AM | 7:03 PM |
| **Aaso - Vad 7** | Saturday, 10 October 2009 | 6:20 AM | 7:08 AM | 9:31 AM | 11:06 AM | 7:04 PM |
| **Aaso - Vad 8** | Sunday, 11 October 2009 | 6:19 AM | 7:07 AM | 9:30 AM | 11:06 AM | 7:05 PM |
| **Aaso - Vad 9** | Monday, 12 October 2009 | 6:18 AM | 7:06 AM | 9:30 AM | 11:06 AM | 7:06 PM |
| **Aaso - Vad 10** | Tuesday, 13 October 2009 | 6:16 AM | 7:04 AM | 9:28 AM | 11:04 AM | 7:06 PM |
| **Aaso - Vad 11** | Wednesday, 14 October 2009 | 6:15 AM | 7:03 AM | 9:28 AM | 11:04 AM | 7:07 PM |
| **Aaso - Vad 12** | Thursday, 15 October 2009 | 6:14 AM | 7:02 AM | 9:27 AM | 11:04 AM | 7:08 PM |
| **Aaso - Vad 13** | Friday, 16 October 2009 | 6:13 AM | 7:01 AM | 9:27 AM | 11:04 AM | 7:09 PM |
| **Aaso - Vad 14** | Saturday, 17 October 2009 | 6:11 AM | 6:59 AM | 9:25 AM | 11:03 AM | 7:10 PM |
| **Aaso - Vad 15** | Sunday, 18 October 2009 | 6:10 AM | 6:58 AM | 9:25 AM | 11:02 AM | 7:11 PM |
| | **KARTAK - 2066** | | | | | |
| **Kartak - Sud 1** | Monday, 19 October 2009 | 6:09 AM | 6:57 AM | 9:24 AM | 11:02 AM | 7:11 PM |

** Australia Eastern Daylight Time for Sydney, NSW, Australia*

***Important tithi:***

- *Aaso Sud 8 (26th Sept) till Aaso Sud 15 (4th Oct) : Shri Navpadji Oli*
- *Aaso Vad 12 (15th Oct) : Dhan Teras*
- *Aaso Vad 15 (18th Oct) : Diwali, Shri Mahavir Swami Nirvana Kalyanak*
- *Kartak Sud 1 (19th Oct) : Nutan Varshaarambh*

# SHRI NAVPADJI OLI

***(From Saturday, 26th September 2009 till Sunday, 4th October 2009)***

Shri Navpadji Oli Tap festivals are considered to be Saswati, meaning permanent. It means Navpad Oli festivals exist in all time cycles (past, present and future). During these days, everyday worship is offered to the Navpad. Each day of nine days' festival is devoted to nine pads of Siddhachakra.

During these nine days, we should do aayambil – means – Eat once in a day in one sitting a simple spice free food, boiled or cooked without milk, curd, ghee, oil, green/raw vegetables, fruits and sugar. Of course, NO ROOTS.

If you are unable to do Aayambil, PLEASE try to do the followings:

- Do Chauvihar as many days as possible – at least do over the weekend
- Do not eat roots in these 9 days.
- Do Loggasa Khamasana and Navkarvalis as many days as possible – at least do over the weekend

The ritual of the Navpad Oli is done in the following way:

| Day / Date | NAME OF THE PAD | KAYOTSARGA IN LOGASSA | KHAMASANAS | SWASTIKS | NAVKARVALIS |
|---|---|---|---|---|---|
| Sat, 26 Sept 09 | Aum Rhim Namo Arihantanam | 12 | 12 | 12 | 20 |
| Sun, 27 Sept 09 | Aum Rhim Namo Siddhanam | 08 | 08 | 08 | 20 |
| Mon, 28 Sept 09 | Aum Rhim Namo Aayariyanam | 36 | 36 | 36 | 20 |
| Tue, 29 Sept 09 | Aum Rhim Namo Uvajzayanam | 25 | 25 | 25 | 20 |
| Wed, 30 Sept 09 | Aum Rhim Namo Loe Savva Sahunam | 27 | 27 | 27 | 20 |
| Thu, 1 Oct 09 | Aum Rhim Namo Dansanassa | 67 | 67 | 67 | 20 |
| Fri, 2 Oct 09 | Aum Rhim Namo Nanassa | 51 | 51 | 51 | 20 |
| Sat, 3 Oct 09 | Aum Rhim Namo Charittassa | 70 | 70 | 70 | 20 |
| Sun, 4 Oct 09 | Aum Rhim Namo Tavvasa | 50 | 50 | 50 | 20 |

** Contents prepared from Melbourne Swetambar Jain Sangh Navpadji Oli Communication*

# નવપદ હૃદયમાં, પરમ પદ સહજમાં

**તીર્થ બંધાયેલું છે સ્થળને...**
**પર્વ બંધાયેલું છે સમયને...**

*તીર્થની યાત્રા :-*

તીર્થની સ્પર્શના માટે આપણે ત્યાં જવુ પડે છે અને જયારે પર્વ - આપણે જયાં હોઈએ છીએ ત્યાં આવે છે. તીર્થ સહજરૂપે આપણને ધર્મપ્રવૃત અને પાપનિવૃત બનાવે છે કારણકે આપણે પોતે સામે ચડીને ત્યાં ગયા છીએ. જયારે પર્વમાં ધર્મ પ્રવૃત અને પાપ નિવૃત - પાપમાંથી મુકત થવા માટે આપણે સત્વ - શક્તિ ફોરવવી (ખીલવવી) પડે છે કેમ કે આપણે જયાં છીએ ત્યાં વગર આમંત્રણે પર્વ આવી ગયેલ છે.

કેવું સુંદર મજાનું છે આ જિનશાસન ! જ્યાં તિર્થોનોય પાર નથી અને પર્વનોય પણ કોઈ પાર નથી. જેમ તીર્થોની હારમાળા જેવા કે શંત્રુજય, ગિરનાર, સમેતશિખર, રાજગૃહી, શંખેશ્વર, આબુ વિગેર છે તેમ જ પર્વોની હારમાળા પણ કાંઈક એવી જ છે જેમ કે જ્ઞાનપાંચમી, મૌન એકાદશી, ચૈત્રી પુનમ, પર્યુષણા અને ઓળી વિગેરે..

શંત્રુજય પ્રાયઃ કરીને શાશ્વત તિર્થ છે તો ઓળી શાશ્વત પર્વ છે. ખૂબ ઓછા પુરુષાર્થે - મહેનતે - લખલૂટ કર્મનિર્જરા - કર્મનો નાશ અને પૂણ્યબંધ થાય છે. શંત્રુજયની યાત્રા કરવાથી ખૂબ ઓછા સમયમાં બંન્ને વિશિષ્ટ કોટીના લાભ મળે છે.

આ શાશ્વત ઓળીની આરાધના કરવાથી થાય છે. આ બંધાય લાભ મેળવવા માટે આપણે આપણાં હૃદયમાં નવપદજી પ્રત્યે ભક્તિભાવ - પ્રિતિ જગાડવાનો છે.

શ્રીપાળરાજા અને મયણાસુંદરીએ નવપદજીની આરાધના કેવા ભક્તિભાવથી કરી હતી જો તેમનું ચારિત્ર આપણે સાંભળીયે કે વાંચીયે તો આપણને નવપદજી પ્રત્યે પ્રચંડ શ્રદ્ધા ઉભી થઈ જાય. એકાતાન થઈને કરાતી તેમની ઉપાસના આપણી સદગતિને નિશ્ચિત કરી આપશે. પહેલા નવપદજીની શક્તિ અંગેનો ખ્યાલ મેળવીએ અને પછી તેમના પ્રત્યે ભક્તિ અને પરંપરાએ મુક્તિ એ મોક્ષ.

## શ્રીપાળ ચરિત્ર

શ્રીપાળ ચરિત્રના મુખ્ય નાયક શ્રીપાળ મહારાજા છે. આજથી ઓગણીસ લાખ વર્ષો પહેલા એક દેશમાં મુનિસુવ્રતસ્વામીના તીર્થમાં ચંપાપુરીનગરીમાં સિંહરથ રાજાના પુત્ર તરીકે જન્મ થયો હતો. તેમના પિતાજી મૃત્યુ પામ્યા પછી તેમના કાકાએ રાજયલોભથી રાજય કબ્જે કર્યું, તેઓના વૃદ્ધ માતા તેમને લઈને ભાગી નીકળ્યા. રસ્તામાં તેમને સાતસો કોઢીયા મળ્યાં, જીંદગી બચાવવાના ભયથી માતાએ શ્રીપાળકુમારને તેઓને સોંપ્યા. તેમના સહેવાસથી શ્રીપાળ મહારાજા પણ કોઢના રોગવાળા થયાં.

તે સમયમાં માલવ દેશમાં ઉજ્જૈનનગરીમાં પ્રજાપાલ રાજા હતો. તેમણે ત્યાં મયણાસુંદરી અને સુરસુંદરી નામે બે પુત્રીઓ હતી. બન્નેનો વિદ્યાભ્યાસ સંપૂર્ણ થઈ ગયા પછી તેમની પરીક્ષા થાય છે. સુરસુંદરી પિતાને જ પોતાના સુખ-દુઃખમાં માને છે, જયારે મયણાસુંદરી પોતાના પૂર્વકૃત કર્મને સુખ-દુઃખ કર્તાપણે સ્વીકારે છે તેથી પ્રજાપાલ રાજા રોષે ભરાય છે અને શિકાર કરવા જતાં રસ્તામાં સાતસો કોઢીયાનો મેળાપ થતાં કોઢીયાઓનો રાજા (ઉંમર રાણો) શ્રીપાળ મહારાજાની સાથે જલ્દી પરણાવી દે છે. સતી મયણાસુંદરી તેને આજીવન પતિ તરીકે સ્વીકારી લે છે. મયણાસુંદરીને હરહંમેશ મન, વચન અને કાયાની શુદ્ધિપૂર્વક જીનેશ્વર પરમાત્માની પૂજા કરતી રહે છે. એક સમયે ગુરુ મહારાજ મયણાસુંદરીને સિદ્ધચક્રનો મહિમા સંભળાવે છે અને તેનું વિધિપૂર્વક આરાધના કરવા માટે કહે છે. મયણાસુંદરી ગુરુવચનને તહત્તી કરી પોતાના પતિ શ્રીપાળની સાથે વિધિપૂર્વક નવપદજીનું આરાધન કરે છે અને સિદ્ધચક્રના નવણ જળથી શ્રીપાળ રાજાનો કોઢ દૂર થાય છે તેમજ સાતસો કોઢીયા પણ નીરોગી થાય છે. શ્રીપાળ રાજાની માતા પણ તેઓને મળે છે. શ્રીપાળ મહારાજા નવપદજીની હંમેશા વિધિપૂર્વક આરાધના કરે છે, મયણાસુંદરી તેમજ માતાને જુદા જુદા દેશમાં રાખી અનેક સ્થળોએ પોતાનું ભાગ્ય અજમાવવા ફરે છે. પૂર્વપુન્યના ઉદયથી સિદ્ધિ અને આકાશગામી અનેક વિદ્યાઓ પ્રાપ્ત કરે છે તેમજ બીજી આઠ રાણીઓ સાથે લગ્ન કરે છે. વચ્ચે અનેક સ્થળોએ ધવલ શેઠ અંતરાય રૂપ બને છે પરંતુ અત્યંત કૃષ્ણલેશ્યામય અંતઃકરણથી છેવટે ધવલ શેઠનું મૃત્યુ તેઓના પોતાના હાથે જ થાય છે અને એ રીતે શ્રીપાલકુમારનું ભાગ્ય નિર્વિઘ્ન બને છે. તે પછી પોતાની માતા જે દેશમાં રહે છે ત્યાં આવી મયણાસુંદરી સહિત નવ સ્ત્રીઓને સાથે લઈ પોતાના પિતાનું રાજય પોતાના કાકા અજિતસિંહ પાસેથી પાછું મેળવે છે અને પછી તેમના કાકાને પણ વૈરાગ્ય થવાથી દીક્ષા ગ્રહણ કરે છે અને અવધિજ્ઞાનથી તેમની પાસેથી સાંભળે છે કે તેમને પૂર્વ જન્મમાં કરેલા નવપદજીના આરાધનથી આ તમામ રિદ્ધિ સિદ્ધિ પ્રાપ્ત થઈ તેમ શ્રી અજિતસેન મુનિ કહે છે. તેથી ત્યાર પછી પોતાની રાણીઓ સહિત શ્રીપાલ રાજા નવપદજીના જ્ઞાન - ધ્યાન અને ભક્તિમાં લીન થાય છે. શ્રીપાલ રાજાને નવ પુત્રોની પ્રાપ્તિ થાય છે અને મુખ્ય પુત્ર ત્રિભુવનપાલને રાજય આપે છે. આયુષ્ય પુર્ણ થયેથી નવમાં દેવલોકમાં નવ સ્ત્રીઓ સાથે ઉત્પન્ન થાય છે, આગામી કાળમાં આઠ ભવો મનુષ્ય ભવમાં કરી નવમાં ભવે મોક્ષમાં જશે.

આ નવપદમાં દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ તત્વોનો સમાવેશ થયેલો છે.

**અરિહંત અને સિધ્ધ દેવતત્વ છે.**

**આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ગુરુ તરીકે છે.**

**દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપથી ધર્મ તત્ત્વ ગ્રહણ થાય છે.**

હવે આપણે નવપદની મહિમા ટુંકમાં સમજીએ.

## // અરિહંત વંદના //

**કરી અતુલ આતમ બળ વડે આંતર રિપુ નિકંદના**
**દૂષણ અઢારે દૂર કર્યા આતમ સ્વરૂપ નંદના**
**ગુણગણ અનંતા જેહના કેમે કરીય ગણાય ના**
**અરિહંતના શુભ ચરણમાં કરૂં ભાવથી હું વંદના...**

નવપદના પ્રથમ પદમાં છે અરિહંત

પ્રથમ દિવસે અરિહંત પદની આરાધના કરવાની છે. કેવળજ્ઞાન પામીને ભવ્યજીવોને બોધ દેતા અગર બોધ દેવાને વિચરતા તિર્થંકર મહારાજા તે શ્રી અરિહંત તેમના ૧૨ ગુણો છે. જેવા કે અશોકવૃક્ષ - સુરપુષ્ટવૃષ્ટિ - દિવ્યધ્વનિ - ચામર - આસન - ભામંડળ - દુંદુંભિ - છત્ર - અતિશય - ઉત્કૃષ્ટતા - વિશિષ્ટ ચમત્કારવાળો ગુણ - અપાયા પગમાતિશય - જ્ઞાનાતિશય - પૂજાતિશય - વચનાતિશય આમ આઠ પ્રાતિહાર્ય અને મૂળ અતિશયનાં ચાર મળી કુલ ૧૨ ગુણ અરિહંત ભગવાનના જાણવા.

અરિહંત પરમાત્માને કોઈ પૂછે કે આપે આ જગતના જીવો માટે શું કર્યું ? તો કદાચ એમ કહી દે કે હું જે કાંઈ કરવા માંગતો હતો એમાનું કાંઈ જ કરી શક્યો નથી.

મારે મોકલવો હતો એ જીવ ને મુક્તિમાં, એ છે અત્યારે સંસારમાં ! મારે એને બનાવવો હતો સર્વ કર્મોમાંથી મુક્ત ! મારે એની નક્કી કરવી હતી પરમગતિ, રિઝર્વ થઈ રહી છે અત્યારે એની સદગતિ ! મારે એને બનાવવો હતો શુદ્ધ અને એ જોડાઈ રહ્યો છે અત્યારે શુભ માં !

આની સામે ભકતને પૂછો કે અરિહંત પરમાત્માએ તારા માટે જે કાંઈ કર્યું છે એની નોંધ તું એક કાગળ પર કરી આવ, તો ભકત કહેશે કે અરિહંત ભગવાને મારા માટે જે કાંઈ કર્યું છે તે લખી આપવાની તો તાકાત મારામાં નથી પણ આયુષ્ય મારું કરોડો વર્ષનું થઈ જાય અને મોઢામાં એક સાથે લાખો જીભો થઈ જાય તો પણ અરિહંત ભગવંતના ઉપકારોને હું વર્ણવી શકું એવી મારામાં ક્ષમતા નથી.

આવા અગણિત ઉપકારો કરનાર એ અરિહંત ભગવંતના ઉપકારોનો બદલો વાળવા માટે સજ્જ થવું હોય તો જીવ માત્ર પ્રત્યેના પ્રેમભાવને આત્માસાત્ કરી દેવો.

અરિહંત પરમાત્માએ સંયમ જીવન સ્વીકારતા પહેલા વરસીદાન આપ્યું,
સંયમ જીવન સ્વીકાર્યા બાદ સહુને અભયદાન આપ્યું અને
કેવળજ્ઞાનની પ્રાપ્તિ બાદ જ્ઞાનદાન પણ આપ્યું.

આપણા પરના એમના અનંત ઉપકારનો આપણે હૃદયથી સ્વીકાર કરીએ... એ ઉપકારના ખ્યાલે એમના પ્રત્યે આપણા હૃદયને ગદ્ ગદ્ બનાવીએ... એમના ગુણોને યાદ કરીએ... એમના વચનોનો જીવનમાં યથાશક્તિ અમલ કરીએ... જીવમાત્ર પ્રત્યે સદ્ભાવ કેળવીએ... અરિહંત એ જ મારા પ્રાણ ! અરિહંત એ જ મારા આધાર ! અરિહંત એ જ મારા શ્વાસ ! બસ, આમાં સફળતા મળતાં આપણી યાત્રા ચાલુ થઈ જાય અને દોષનાશ થતા જાય.

આવા નક્કર પરિણામના લક્ષ્ય સાથે જમાવો આજે અરિહંતની ધૂન ! ગાઓ આજે અરિહંતના ગુણ અને પામો એના દ્વારા અગણિત ગુણોનું જૂથ!

## // સિદ્ધ વંદના //

**લોકાગ્રભાગે સિદ્ધશીલા ઉપરે જે બિરાજતાં**
**નિજ પૂર્ણ કેવળજ્ઞાને લોકાલોકને નિહાળતાં**
**આનંદ વેદન સુખ અનુપમ દુઃખ તો લવલેશના**
**સવિ સિદ્ધના શુભ ચરણમાં કરું ભાવથી હું વંદના..**

"આઠે કર્મનો ક્ષય કરી મોક્ષ પદ જેમણે મેળવ્યું છે તે સિદ્ધ પરમાત્મા".

ધર્મ શા માટે છે ? ધર્મ કરી શું મેળવવા જેવું છે ? શું છોડવા જેવું છે ? અંદરના ઉંડાણમાં થી પાયામાંથી ચિંતન કરીએ તો બુદ્ધિમાં બેસી જાય કે મુક્તિ મેળવવા જેવી છે. ચોરાશી લાખ જીવયોનીમાં ભટકવાનું બંધ ત્યારે જ થશે કે જયારે આત્મા મોક્ષમાં પહોંચશે. મોક્ષનું પ્રણિધાન કરવું તે ધર્મનાં ક્ષેત્રમાં પાયાની વસ્તુ છે. પુરૂષાર્થ દ્વારા મોક્ષ જ મેળવવા લાયક છે. તેવો સંકલ્પ ઉભો થાય તે જ પ્રણિધાન છે. જેમ સંસારમાં શ્રીમંતાઈનો સંકલ્પ છે, તેમ ધર્મના ક્ષેત્રમાં મુક્તિનું પ્રણિધાન છે.

જીવ જયારે પરિપૂર્ણ સાધના કરશે ત્યારે મોક્ષપદને પ્રાપ્ત કરશે.

સંસારના સુખ માણવા પહેરવું - ઓઢવું, ખાવું - પીવુ એ બધી પ્રવૃતિ છે, તેમ આત્માનું સુખ મેળવવા માટે સામાયિક, પ્રતિક્રમણ, તપ, ત્યાગ, સંયમ વિગેરે પ્રવૃતિ છે. ધર્મ એ આત્માનો ગુણ છે. આત્મિક સુખ ને મેળવવાની જ ઈચ્છા કરવાની છે.

સિદ્ધ પરમાત્માના આઠ ગુણ નીચે પ્રમાણે છે.

અંનતજ્ઞાન - અનંત દર્શન - અવ્યાબાધ સુખ - અનંત ચારિત્ર - અક્ષય સ્થિતિ - અરૂપી પણું - અગુરુલઘુ - અનંત વિર્ય

કર્મમુકત આત્માનું કર્મમુકત બની જવું, સંસારીમાંથી સિદ્ધ બની જવું, ક્ષણભંગુરમાંથી શાશ્વત બની જવું એ જ છે સિદ્ધપદ.

પૂ. આચાર્ય ભગવંત હરિભદ્રસૂરિ મહારાજે એક વાત આપણા સહુ માટે કરી છે કે સાધના ચાહે ભક્તિની કરો કે જાપની કરો, સ્વાધ્યાયની કરો કે દાનની કરો, તપશ્ચર્યાની કરો કે ધ્યાનની કરો પણ એક વાત સતત ખ્યાલમાં રાખવાની છે કે સાધનાથી આપણા રાગ - દ્રેષમાં ફરક પડયો છે કે નહી ! એ બાબતમાં જો સંતોષજનક પરિણામે પહોંચ્યા તો આપણી મુક્તિ હવે બહુ દૂર નથી એ નિશ્ચિત વાત છે.

સિદ્ધિપદની આરાધના આપણને આ પરિણામ અંગે આત્મનિરિક્ષણ કરવા પ્રેરે છે. શ્રીપાળરાજા - મયણાસુંદરીને પોતાના જીવનમાં તકલીફ આવી હતી ત્યારે તેમણે નવપદજીનું શરણું સ્વીકાર્યું હતું. જયારે તેઓને સફળતા મળી ત્યારે તેમણે યશ પણ આપ્યો હતો અને જયારે આપણા જીવનમાં તકલીફ આવે છે ત્યારે કષાયચક્રના શરણે જ ગયા છીએ અને જયારે સફળતા મળે ત્યારે પણ કષાયચક્ર ને યશ આપીએ છીએ.

"મહાન બનવા માટે અનિવાર્ય શરત આ છે કે જગતના જીવ માત્ર પ્રત્યે સદભાવ રાખો અથવા તો પૂજયભાવ રાખો પણ દુર્ભાવ તો કયારેય ન કેળવો." જીવન એવું બનાવો તમારુ વર્તન કોઈનેય અશાતાનું કારણ ન બને. જીવન વ્યહવાર એવો બનાવો કે તમારો એક પણ શબ્દ કોઈનીય અસમાધિનું નિમિત્ત ન બને.

લોકમાન્ય તિલકનું સુત્ર હતું કે "સ્વરાજ એ મારો જન્મસિદ્ધ અધિકાર છે" જિનશાસન પામેલા અને સમજેલા પ્રત્યેક આત્માનું સૂત્ર "મુક્તિનું સુખ એ મારો સ્વભાવસિદ્ધ અધિકાર છે" એવી માન્યતા રાખવી જોઈએ.

અરિહંત પરમાત્મા અનંત પૂણ્યના માલિક છે. સિદ્ધ પરમાત્મા અનંતગુણોના ભંડાર છે. દરેક તિર્થંકર પરમાત્મા સંયમ જીવનના સ્વીકાર વખતે અચૂક સિદ્ધભગંવતો નમસ્કાર કરે જ છે. બે જ કામ જીવનમાં કરવા જેવા છે અરિહંતનો પ્રભાવ ઝીલતા રહીયે અને સિદ્ધનો સ્વભાવ આત્મસાત કરતા રહીએ. પ્રભાવથી જે પણ મળે એને સ્વભાવ તરફ લઈ જવામાં જ સહાયક બનાવતા રહીયે.

અરિહંતની ભક્તિથી બંધાતુ પુણ્ય જે પણ આપે એ પ્રભાવ અને અરિહંતની ભક્તિ કરતા કરતા આપણે ખુદ અરિહંત બની જઈએ સ્વભાવ.

## // આચાર્ય વંદના //

**પરમેષ્ઠિના ત્રીજા પદે જે સ્થાન પાવન પામતાં,**
**છત્રીસ ગુણોને ધારતાં ષડ્ શત્રુગણ નિવારતાં,**
**વહેતાં વ્રતોના ભારને કરતાં સ્વ-પરની સારણા,**
**આચાર્યના શુભ ચરણમાં કરૂં ભાવથી હું વંદના...**

ત્રીજા દિવસે આચાર્યપદની આરાધના આચાર્ય પદની સ્તુતિથી કરવી.

પાંચ આચારને પાળે અને બીજાને પળાવે એવા અને ધર્મના નાયક છે તે આચાર્ય મહારાજનાં છત્રીસગુણો છે તે આ પ્રમાણે છે. પાંચ ઈન્દ્રિયના વિષયને સંવરનાર - રોકનાર તેથી ૫ ગુણ - નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર તેથી ૯ ગુણ - ચાર પ્રકારના કષાયથી રહિત માટે ૪ ગુણ - પાંચ મહાવ્રતના ૫ ગુણ - પાંચ આચારના ૫ ગુણ - ૫ સમિતિના અને ત્રણ ગુપ્તિ મળી અષ્ટ પ્રવચન માતાના ૮ એમ સર્વ મળીને ૩૬ ગુણ છે.

શાસનની સ્થાપના ભલે અરિહંત ભગવાને કરી પણ આ શાસનને હજારો વર્ષો સુધી ચલાવવાનો યશ તો આચાર્ય મહારાજો ના ફાળે જ ! પંચાચારના વિશુદ્ધ પાલક એવા આચાર્ય ભગવંતના સાચા અર્થમાં ઉપાસના કરવી જ છે ? તો જીવનને સદાચારથી મઘમઘતું બનાવવાનો આ દિવસે દ્રઢ સંકલ્પ કરીએ. માત્ર વિચાર શુદ્ધિની વાતો કરીને જાતને છેતરવાનું પાપ કયારેય નહી કરીએ.

આ તો જીનશાસન છે. "આચારઃ પ્રથમો ધર્મઃ" એ તો જીનશાસનનો મહામુલો મંત્ર છે. જિનશાસન એની આચાર શુદ્ધિના કારણે જ અડીખમ ઉભુ છે. ૨૧૦૦૦ વર્ષ સુધી આ શાસન ચાલવાનું પણ છે અને એ પણ આ વિરતિના જ પ્રભાવે !

આચારનું ઘડતર વિચારથી થાય છે પણ વિચારનું ઘડતર વાતાવરણથી થાય છે જેવા વાતાવરણમાં વ્યક્તિ રહે છે એવા એના વિચારો બને છે અને એ વિચારો તક મળતા જ આચરણ રૂપે પ્રગટ થતા રહે છે. સારા વાતાવરણમાં સારા બન્યા રહેવા માટે આપણા ખુદના પુરૂષાર્થની બહુ આવશ્યકતા રહેતી નથી પણ ખરાબ વાતાવરણમાં વચ્ચે સારા બન્યા રહેવું હોય તો પુરૂષાર્થ દાખવ્યા વિના એમાં સફળતા મળે એવી કોઈ જ શક્યતા નથી.

પ્ર. સતત સારા બન્યા રહેવા શું કરવું ?

જ. પહેલા નંબરે તો કાયમ કલ્યાણ મિત્રોનાં સંપર્કમાં રહેવું. બીજા નંબરે જિનવચનના શ્રવણની મળતી પ્રત્યેક તકને ઝડપતા રહેવું. સામે ચડીને કદાચ એ તક ન આવે તો ઉભી કરીનેય ઝડપવા દોડવું. જે પણ આત્માઓ આજ સુધીમાં તર્યા છે એ પ્રભાવ જિનવચન નો જ છે અને ભાવિમાં પણ જે આત્માઓ પોતાનું કલ્યાણ નિશ્ચિત કરવાના છે એમાંય પ્રધાન ફાળો જીવવચનનો જ રહેવાનો છે. જીન વચન આપણા સુધી પહોંચાડવાનો ફાળો આચાર્ય ભગવંતોનો જ છે.

## // ઉપાધ્યાય વંદના //

**શાસન તણા ઉધાનને લીલુંડું નિત જે રાખતા**
**ચોથે પદે જે અલંકર્યા નીલ વરણ કાંતિ સુરાજતા**
**પોતે ભણે પરને ભણાવે ભંડાર ગુણ વિનય તણા**
**ઉપાધ્યાયના શુભ ચરણમાં કરું ભાવથી હું વંદના...**

સિધ્ધાંત ભણે તથા બીજાઓને ભણાવે તે ઉપાધ્યાય પાઠક અને તેમના ગુણ ૨૫ છે.

ઉપાધ્યાય ભંગવતો જિનાગમોના રહસ્યવંતા જાણકાર છે. પોતે શાસ્ત્રમાં પારંગત છે અને બીજા અનેક ને પારંગત બનાવવા માટે સદાય તૈયાર રહે છે. એમના જીવનમાં સમ્યક્જ્ઞાનનું પ્રાધાન્ય છે. એ જ્ઞાનની ગંગા સંઘમાં વહાવવાનો એમનો વિનય ગુણ સહુનાં આકર્ષણનું કારણ છે - પોતાને મળેલો સમ્યકજ્ઞાનનો વારસો યોગ્ય જીવો આગળ એમણે મન મુકીને ખુલ્લો મુકી દીધો. તમામ જીવોને સંપૂર્ણ વાત્સલ્ય સાથે એમણે સમજ આપી. ટુંકમાં, અણસમજુ ને સમજુ બનાવ્યા અને સમજુને સમૃદ્ધ બનાવ્યા જે આપણા સુધી શ્રુતજ્ઞાનનો એ અણમોલ ખજાનાને લાવી ને મુકી દીધો. પોતાને મળેલા સમ્યકજ્ઞાનના વારસાને ઉપાધ્યાય ભગવંતો સતત એક હાથમાંથી બીજા હાથમાં આપતા જ રહે છે એનો એ જ પ્રભાવ છે કે વિલાસી વાતાવરણના ફુંકાતા વાવાઝોડા વચ્ચેય હજારો લાખો આત્માઓ આજે પ્રભુશાસન પર એના અનેકવિધ અનુષ્ઠાનો પર પ્રીતી જમાવી શક્યા છે.

# // સાધુ વંદના //

***તજી માત તાત સ્વજન સંબંધી પ્યારા સૌ પરિવારને***
***મૂકી માયા ને મમતા નઠારી સ્વાર્થ ભર્યા સંસારને***
***કરે સાધના એકાંતમાં એક પૂર્ણ પદની ઝંખના***
***એ શ્રમણના શુભ ચરણમાં કરું ભાવથી હું વંદના...***

પાંચમા દિવસે મુનિપદની સ્તુતિ કરવાની હોય છે.

મોક્ષમાર્ગ સાધવા માટે યત્ન કરે તે સાધુના ગુણ ૨૭ છે. છ વ્રતો પાળે માટે ૬ ગુણ, છ કાયની રક્ષા કરે તેથી ૬ ગુણ, પાંચ ઈન્દ્રિયો નો નિગ્રહ કરે એટલે તેના વિષય વિકારોને રોકે તેથી ૫ ગુણ, લોભનો નિગ્રહ ક્ષમા ધારણ કરવી. ચિત્તની નિર્મળતા રાખવી - વિશુદ્ધ રીતે વસ્ત્રની પડિલેહણા કરવી. સંયમયોગમાં પ્રવૃત રહેવું. ખરાબ માર્ગે જતા મનને રોકવું. અકુશળ વચનનો સંરોધ અકુશળ કાયાનો સંરોધ, શિતાદિ પરિષહો સહન કરવા, મરણાદિ ઉપસર્ગો સહન કરવા.

જગતના છ કાયે જીવોનાં વાસ્તવિક હિતની ચિંતા જો પરમાત્મા કરે છે તો આ જગતના સર્વ જીવો પ્રત્યેનો વાત્સલ્યનો પરિણામ સાધુ ટકાવી રાખે છે. સાધુ પદની સાચા અર્થમાં ઉપાસના કરવી હોય તો બે બાબતોમાં ખૂબ સાવધગીરી રાખવાની જરૂર છે. જડ પદાર્થોનો માત્ર ઉપયોગ જ કરો, એનો માત્ર પરિચય જ કેળવો પણ જીવોની ઉપાસના કરો અને એના પ્રત્યે પ્રેમ કેળવો.

મુનિપદ નું આ આગવું વિશેષણ છે. સાધુ નિર્ગ્રંથ હોય અને એમના મનમાં કોઈનાય પ્રત્યે ગાંઠ ન હોય. પોતાને ગમે તેટલા હેરાન કરી જનાર પ્રત્યે તેમના મનમાં પ્રેમભાવ છલકાતો હોય.

આપણે સાધુપદની ઉપાસના કરવી છે માટે થોડુંક સાધુ જીવન જાણીએ. સાધુના જીવનમાં રહેવી પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિનું પાલન, પાંચ ઈન્દ્રિયોનો સંયમ, પાંચ અવ્રતનો ત્યાગ, ચાર કષાયનો નિગ્રહ, નિર્દોષ ગોચરી, મન, વચન અને કાયાના અશુભ વ્યાપારનો ત્યાગ, સ્વાધ્યાય રમણતા ઈત્યાદી અનેકવિધ ગુણોના સ્વામી કદાચ આપણે ન બની શકીયે છતાં પણ તેમાનો એક પણ ગુણને આત્માસાત્ કરી લઈએ તો આ જન્મમાં નહી તો છેવટે આવતા જન્મમાં પણ અચૂક ચારિત્ર મોહનીયનો અંતરાય તુટશે અને સંયમજીવનની પ્રાપ્તિ થશે.

"મુનિરાજકો સદા મોરી વંદના" વંદનાનું સ્થાન ભલે મુનિરાજ છે પણ એનું લક્ષ્યસ્થાન તો એ મુનિરાજમાં રહેલા અગણિત ગુણો જ છે.

## // સમ્યગ્ દર્શન //

**મારા પ્રભુએ જે પ્રરૂપ્યું તે જ સાચું એક છે**
**તે સત્ય છે, નિઃશંક છે તે પ્રાણ છે આધાર છે**
**શ્રદ્ધા ખડગ જેવી અડગ મુજ અંતરે હો સ્થાપના**
**દર્શન તણાં શુભ ચરણમાં કરું ભાવથી હું વંદના...**

છટ્ઠા દિવસે સમ્યક્દર્શનની આરાધના કરવાની છે. તેમના ગુણો ૬૭ છે. આખા દિવસમાં શરીર દ્વારા જે કાંઈ પણ કાર્યો થાય છે એમાં સૌથી મોટો ફાળો આંખો નો છે. આંખ એ શરીર - મનનું ચાલક બળ છે. આંખ વિનાના શરીરની કાંઈ કિંમત નહી તો સમ્યગ્દર્શન વિનાની સાધનાની કોઈ કિંમત નહી.

"જીનેશ્વર ભગવંતે કહેલા તત્વો પરની શ્રધ્ધા એ જ સમ્યગદર્શન" સમ્યગદર્શન એ આંખના સ્થાને છે.

શાસ્ત્રકારો ત્યાં સુધી કહે છે કે જીવના ભવોની ગણતરી પણ સમ્યગદર્શન પામ્યા પછી જ થાય છે. સમ્યગદર્શનની તાકાત કેટલી વધારે છે ? અને સાથો સાથ તેમની સ્પર્શના પણ કેટલી બધી મુશ્કેલ છે. શાસ્ત્રકારોએ સમ્યગદર્શનની સ્પર્શનાને જીવનની મહામુલી મુડી માની છે. એ ગુણની સ્પર્શના વખતના આનંદને આ જગતનાં આજ સુધીમાં અનુભવેલા તમામ આનંદ કરતા ચડિયાતો કહ્યો છે. જીન આજ્ઞાને સ્વીકારવામાં અહંકારને ગૌણ કરવો પડે છે. "પરમાત્મા જ સાચા, હું નહિ" આ વાતમાં મનને સંમત કરવુ પડે છે. આજ સુધી મેં સેવેલી તમામ માન્યતાઓ જુઠી જ હતી એવી સ્પષ્ટ કબુલાત જાતને કરવી પડે છે. ધર્મની શરૂઆત વંદનાથી છે તો ધર્મની પ્રાપ્તિ શ્રદ્ધાથી છે. ધર્મને હૃદયથી આદરવા યોગ્ય માનવો જ પડશે પછી સંયોગો ભલે તેવા વિષમ સર્જાયા હોય.

ઈન્દ્રભૂતિ ગૌતમે જયાં મુકી દીધી પોતાની બુદ્ધિ અને છોડી દીધો અહંકાર ત્યાં પામી ગયા એ સમ્યગદર્શન. શ્રદ્ધા સાહસ માગે છે, તર્ક (લોજીક) જયાં પૂરો થાય ત્યાં શ્રદ્ધાની શરૂઆત થાય છે.

એક બાજુ આત્મા પર અનાદિના કુસંસ્કાર નો ખડકલો ! અસંયમ કર્મોનો બોજ ! ખરાબ અથવા ખોટી પ્રવૃતિ દ્વારા અનુભવેલા ક્ષણભંગુર સુખનું આકર્ષણ ! નબળા નિમિત્તોની વણઝાર - આ બધાયની વચ્ચે ટકાવવાનું સમ્યગદર્શન !

સમ્યગદર્શનથી આત્મામાં પરાક્રમ આવે છે લાચારી નહી પણ ખુમારી ! વિશ્વાસ નહિ પણ શ્રદ્ધા ! દીનતા નહી પણ સાત્વિકતા સારૂ જે પણ થાય એનો યશ પરમાત્માને ! નબળુ પણ જે બને એની જવાબદારી પોતાની ! ચઢયો છું હું પ્રભુ તમારા કારણે અને પછડાયો તો હું મારા કારણે. આ વાસ્તવિકતા નો હૃદયથી સ્વીકાર. શ્રધ્ધામાં કયાંય કચાશ નહી. પરમાત્મા ના દર્શનથી આ હકીકતનો શરીરના રોમે રોમે સ્વીકાર !

**સમ્યગદર્શન ની સ્પર્શના કર્યા વિના જ આ જગતમાંથી વિદાય થઈ જવું એના જેવું ભયંકર દુર્ભાગ્ય બીજુ કોઈ જ નથી.**

આ જન્મમાં તો આ ગુણને સ્પર્શયા વિના રવાના નથી જ થવું. તારણહાર તો જીનશાસન જ ! ત્રિભુવન નાયક તો અરિહંત પરમાત્મા જ શરણભૂત તો જિનવચનો જ ! મંગળભૂત કોઈ હોય તો અરિહંતાદિ ચાર જ ! બસ, શરીરના રોમ રોમમાં અને આત્માના પ્રદેશ પ્રદેશમાં પેદા કરીએ આ નાદ.

## // સમ્યક્જ્ઞાન //

**કર્મો ખપાવી ઘાતીયા કેવળ લહી પ્રભુ શુભ સમે,**
**ખોલે ખજાનો ગૂઢ હિતકર મોહ મિથ્યા તમ શમે**
**આપે ત્રિપદ ગણધારને કરે ચૌદપૂરવ સર્જના**
**સદ્જ્ઞાનના શુભ ચરણમાં કરૂં ભાવથી હું વંદના...**

સાતમો દિવસ - જ્ઞાન પદના ૫૧ ગુણો.

નવપદની આરાધના ના સાતમા દિવસે જ્ઞાનપદની આરાધના કરવાની છે. શાસ્ત્રકારો એ જ્ઞાનને દીપકની ઉપમા આપી છે. ધર્મની શરૂઆત સમ્યગ્દર્શન થી થાય છે તેમાં શુદ્ધિ - વૃદ્ધિ - સમયક્જ્ઞાન થી થાય છે. સમ્યક્દર્શન આંખ છે તો સમ્યક્જ્ઞાન પ્રકાશ છે જેની ત્રણ અવસ્થા છે. (૧) અબોધ - સમ્યક્બોધ (૨) સહજબોધ (૩) અબોધમાં વિવેક જાગૃત કરવો પડે છે જયારે સહજબોધમાં એ વિવેક સ્વભાવરૂપ બની જાય છે. મિથ્યાત્વને - અજ્ઞાન ને "અબોધ" ની અવસ્થામાં ગોઠવાય. મતિજ્ઞાન - શ્રુતજ્ઞાન - અવધિજ્ઞાન વિગેરેને "સમ્યક્બોધ" અવસ્થામાં ગોઠવાય. અને કેવળજ્ઞાનનો સમાવેશ "સહજબોધ" માં થાય.

જ્ઞાન તો એનું નામ છે જે જીવનમાં પાપવિકારો ને શમાવે, કષાયો ઉપર કાબુ રખાવે, ગમે તેવી પ્રતિકુળ પરિસ્થિતિ ઉભી થઈ ગઈ હોય એમા સ્વસ્થતા રખાવે, વડિલજનો પ્રત્યે નમ્ર બનાવે. જીવનમાં સદાચારની પ્રતિષ્ઠા કરાવે, સદ્ગુણોની સુવાસ ફેલાવે.

સઘળાય દુ:ખોનું મુળ તો અજ્ઞાન જ છે.

ધર્મ સુક્ષ્મ બુદ્ધિથી સ્વીકારવો - અર્થાત્ ધર્મ કરવો ખરો પણ એના રહસ્યને જાણવા બુદ્ધિ પૂરેપૂરી કસવી. ભલે શ્રદ્ધાને કેન્દ્રસ્થાને રાખવી પણ શ્રદ્ધા વધારવા માટે પુષ્ટ કરનારે સુક્ષ્મબુદ્ધિનો ભરપૂર ઉપયોગ કરતા રહેવુ. સમ્યગ્દર્શન બુદ્ધિની વક્રતાને ખતમ કરે છે. પણ બુદ્ધિની જડતાને ખતમ કરવાનું કામ સમ્યક્જ્ઞાન જ કરે છે.

અંધકાર એ જેમ ચોરને માટે આમંત્રણનું કારણ બની જાય છે તેમ અજ્ઞાન એ પાપ માટે આમંત્રણનું કારણ બની જાય છે. સમ્યક્જ્ઞાન નો દીવડો અંતરમાં પ્રગટતાની સાથે જ જીવનમાં પરિવર્તન સર્જાવા લાગે છે છોડવા જેવું શું છે ? આદરવા લાયક શું છે ? સાર - અસાર શું છે ? કલ્યાણકારી શું ? નુકશાનકારી શું ? વગેરેનો ખ્યાલ સહજ આવી જાય છે. જ્ઞાન નું ફળ વિરતિ છે. વિદ્યા તો એજ કે મુક્તિને માટે થાય.

સમ્યક્જ્ઞાને પહોંચવા માટે જીનવચનોના શ્રવણનો, જિનવચનોના સ્વાધ્યાયનો ખૂબ અભ્યાસ કેળવવો પડશે. જ્ઞાનીનું અને જ્ઞાનનું ભરચક બહુમાન હૃદયમાં ઉભુ કરવું પડશે.

પાંચ જ્ઞાનમાં મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન આ ચાર જ્ઞાન મૂંગા છે બોલતું એકમાત્ર શ્રુતજ્ઞાન છે. આ શાસન ૨૧૦૦૦ વર્ષ સુધી ચાલવાનું છે તે શ્રુતજ્ઞાનના પ્રભાવે ! તીર્થની સ્થાપના ભલે કેવળજ્ઞાન થી થઈ છે પરંતુ આપણાં સુધી એ શાસન પહોંચ્યું છે શ્રુતજ્ઞાનથી. આપણને એ શાસન સમજાયું છે પણ શ્રુતજ્ઞાનથી !

પ્રથમ જ્ઞાન અને પછી દયા, જ્ઞાનથી આત્મા જીવ અને અજીવ જાણે છે તે જ તેની રક્ષા કરી શકે છે. માટે સર્વ ધર્માત્માઓએ પ્રથમ જ્ઞાન મેળવવાની આવશ્યકતા બતાવી છે. જ્ઞાન અને ક્રિયા દ્વારા જ મોક્ષ મેળવી શકાય છે.

## // સમ્યક્ ચારિત્ર /

**ચારિત્રમોહ વિનાશથી ભવિજન સુસંયમ પામતાં**
**ઈન્દ્રિય નોઈન્દ્રિય દમી આતમવિશુદ્ધિ ધારતાં**
**છે પંચ સમિતિ ગુપ્તિય અષ્ટ માતની જ્યાં સેવના**
**ચારિત્રના શુભ ચરણમાં કરું ભાવથી હું વંદના...**

આઠમો દિવસ - ચારિત્રપદના ૭૦ ગુણો છે. ચારિત્ર એટલે આત્માનું - આત્મપણામાં ટકી રહેવું એ શુદ્ધ ચારિત્ર છે. એ સ્થિતિએ પહોંચવા માટે જિનેશ્વરોએ જે સ્વરૂપે જણાવ્યું છે તે શ્રાવકનાં બાર વ્રતના સ્વીકારમાં, દેશવિરતિપણું છે અને પંચાચાર નું પાલન, પાંચ સમિતિ - ત્રણ ગુપ્તિ, સાધુના સત્તાવીશ ગુણોનાં પાલનમાં સર્વવિરતીપણું જણાવ્યું છે.

સંયમ - ચારિત્ર સ્વીકારીને આજ સુધીમાં અનંતા આત્માઓ મુક્તિપદને પામ્યા. ચારિત્ર સ્વીકાર્યા વગર એક પણ આત્મા મુક્તિપદને પામવાનો નથી. સંયમજીવન વિષે હૃદયમાં એવો સદ્ભાવ ઉભો કરી દઈએ કે પોતાના જીવનમાં પાપોનું જોર ઘટતું જાય. પાપની પ્રવૃતિ ઘટતી જાય - પાપ પ્રત્યેની કુણી લાગણી સાફ થતી જાય. યાવત એક દિવસ એવો પણ આવી જાય કે જયારે સંયમ જીવન સ્વીકારનું સત્વ, આપણા ખુદ માં જ પ્રગટી જાય.

**આપણને મળેલા દેવ કેવા ? ઈચ્છા વિનાના !**
**આપણને મળેલા ગુરુ કેવા ? મુર્છા વિનાના !**
**આપણને મળેવો ધર્મ કેવો ? હિંસા વિનાનો !**

સદ્ગતિની સંભાવના બહુ ઓછી છે..... દુર્ગતિ ગમન ટાળવાનું ખુબ જ મુશ્કેલ છે..... પૂણ્યયોગે મળેલા આ શાસનને સ્પર્શવું ખૂબ જ કઠીન છે. ધર્મ પરિણકત ની અનુભૂતિ સ્વપ્રવત છે. પૂનઃ આ શાસન કયારે મળશે ? એની આગાહી કરવી મુશ્કેલ છે.

બીજાના જીવનની ધર્મ પ્રવૃતિ જોઈને ભલે એના જીવનને ધન્ય માનીએ - એની ધર્મપ્રવૃતિની ભરપેટ અનુમોદના કરીએ પણ આપણા પોતાના જીવનને ધર્મ પ્રવૃતિથી મઘમઘતું બનાવી એના ફળ સ્વરૂપે ધર્મ પરિણતિનું સ્વામિત્વ મળે તો જ ધન્ય માનીએ.

## // સમ્યક્ તપ //

**તોડે નિકાચિત ઘાતી ઘન કર્મો તણાં સમુદાયને**
**કુવાસના કુવિકાર સઘળાં દૂર કરે કુસંસ્કારને**
**આધિ અને ઉપાધિઓ જેનો કરે સંગાથ ના**
**તે તપ તણા શુભ ચરણમાં કરૂં ભાવથી હું વંદના...**

નવમો દિવસ - તપ પદના ૫૦ ગુણો છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ આ ચાર જૈન ધર્મના આધાર સ્તંભ છે. આમાં તપનો મહિમા અનોખો છે. શરીર અને ઈન્દ્રીયોની પ્રવૃતિને રોકીને તેમને તપાવે છે માટે તે 'તપ' કહેવાય છે.

ચૌવિહાર ઉપવાસ છે ઘરનું ઘર
તિવિહાર ઉપવાસ છે ભાઠાનું ઘર
આયંબિલ છે મિત્રનું ઘર
વિગઈ છે શત્રુનું ઘર

આહારસંજ્ઞા ને કાબુમાં રાખવી - અનુકુળ - સ્વાદિષ્ટ દ્રવ્યોનો ત્યાગ કરવો કઠીન છે એ દ્રવ્યોના સેવન વખતે મનને તેમાં લેપાતું અટકાવવું ખુબ મુશ્કેલ છે. જીવ શરીર જેમ અનાદિનો વળગેલું છે. તેમ આ શરીરને ટકાવનરો ખોરાક પણ અનાદિનો વળગ્યો છે. કોઈપણ જીવ ઉત્પન્ન થાય એટલે પહેલુ કામ ખોરાક લેવાનું કામ કરે છે. અનંતકાળની ભોજન લેવાની પ્રવૃતિએ જીવની આહારસંજ્ઞાને પુષ્ટ કરી છે. કર્મનિર્જરા કર્મનો નાશ કરવાનું અસાધારણ કારણ તપ છે. તપ કરવા માટે શરીર પરની મમતા અને આહારસંજ્ઞાની લાલસાને તોડવી પડે છે.

તપ બે પ્રકારના છે. બાહ્યતપ - અભ્યંતર તપ

અનાદિની જીવે કેળવેલી આ શરીર સાથેની આસક્તિ ને તોડવા માટે બાહ્યતપને અપાનાવ્યા વિના બીજો કોઈ વિકલ્પ જ નથી. એ જ ભવમાં પોતાનો મોક્ષ જાણવા છતાં પરમાત્મા મહાવીરદેવે અપાનાવેલો બાહ્ય તપ ! સાડા બાર વર્ષમાં સાડા અગીયાર વર્ષના ચોવિહાર ઉપવાસ ! લાગલગાટ બે દિવસ એ તારક આત્માએ કયારેય વાપર્યું નથી. ધ્યાન અને મનની ગજબનાક સ્થિરતાનું સ્વામિત્વ શું એમની પાસે નહોતું ? કર્મનિર્જરા માટે અન્ય વિકલ્પો શું એમની પાસે ન હતા ? ના, બધુ જ હતું છતાં એ તારક આત્માએ બાહ્યતપની બાબતમાં જે સત્વ ફોરવ્યું છે તે પ્રશંસા કરવા માટે આપણી પાસે કોઈ શબ્દો જ નથી.

પર્વ દિવસોની ઉજવણી માટે પણ શાસ્ત્રકારો એ વિધાનમાં શું મુકયું ? બાહ્યતપ ! ઓળીમાં આયંબિલ અને પર્યુષણમાં છઠ્ઠ, અઠ્ઠમ અને જ્ઞાનપાંચમીના દિવસે ઉપવાસ, દિવાળી ના દિવસોમાં દિવાળીનો છઠ્ઠ, મૌન એકાદશીના દિવસે ઉપવાસ, ચોમાસી ચૌદસ નો છઠ્ઠ, પક્ખિના દિવસે ઉપવાસ, કલ્યાણકના દિવસોમાં એકાસણાં, આયંબિલ, ઉપવાસ - વિઘ્ન નાશ માટે મંગળમાં તપ ! સંઘ પ્રયાણ વખતે તપ ! શું આ છે આ બધું ? બાહ્યતપનું પ્રાધાન્ય

સત્વની કચાશના કારણે આહારસંજ્ઞાની આસક્તિના પાપે જીવનમાં તપ ન થઈ શકતો હોય તોય તપ પ્રત્યેનો આદરભાવ તો ઉભો જ રાખજો. તપના માર્ગે આગળ વધી રહેલાને તો યાદ કરી કરીને હૃદયની વંદના કરતા જ રહેજો. એવો તપ જીવનમાં આવે એ અંગે શક્ય સત્વ ફોરવતા રહીએ.

શ્રીપાળ અને મયણા, એ બંન્નેના હૃદય નવપદ પ્રત્યે ગજબનાક ઝુકેલા હતા. બંન્નેના હૃદયમાં તેના પ્રત્યેનો ગજબનાક સદભાવ અને બહુમાનભાવ હતો. નવપદ પ્રત્યેની શ્રદ્ધા પરાકાષ્ઠાની હતી.

જિનશાસન સાથેના માનવભવને પામ્યા પછી કુસંસ્કારોની કુકર્મોની વૃદ્ધિ (વધારો) થાય એવી વૃતિ - પ્રવૃતિમાં ગળાડૂબ રહીએ એતો નુકશાની જ છે પરંતુ કુસંસ્કારો અને કુકર્મોને ખતમ કરી નાખવાની, એમને મોળા પાડી દેવાની મળેલી અણમોલ તકને વેડફી નાખવી એ પણ નુકશાની જ છે.

લાગેલા દોષોને ગુરુ પાસે બતાવી, તેના નિર્વાણાર્થે ગુરુ જે આલોયણ આપે તે કરવી તે પાશ્ચાતાપ.

તપના ૧૨ ભેદ - છે. ૬ બાહ્ય અને ૬ અભ્યંતર

**બાહ્યતપ**

(૧) ચારે પ્રકારના આહારનો થોડા અથવા બહુ સમય - કાળ માટે ત્યાગ તે અનશન વ્રત

(૨) વસ્ત્ર-પાત્ર ઓછા રાખવા. પાંચ-સાત કોળીયા ઓછા જમવા. પુરુષ ૩૨ કોળીયા આહાર અને સ્ત્રી ૨૮ કોળીયા આહાર કરવો જેને ઉણોદરી તપ કહેવાય.

(3) રસત્યાગ :- ૬ વિગઈમાંથી રોજ રોજ અથવા કોઈ પણ એક અથવા વધારે વિગઈનો ત્યાગ કરવો. વિગઈના બે ભાગ છે. મહાવિગઈ અને લઘુવિગઈ

મદિરા, માંસ, માખણ, મધ એ ચાર મહાવિગઈ છે. દુધ, દહી, ઘી, તેલ, ગોળ, તળેલ પદાર્થો (કડા વિગઈ) એ ૬ લઘુ વિગઈ છે.

(૪) વૃત્તિ સંક્ષેપ :- લાલસાને ઓછી કરવા અમુક પ્રકારના જ આહાર લેવો. અમુક જ દ્રવ્યો વાપરવા અથવા ઘરમાં ૧૦ વસ્તુ બનાવી હોય તો તેમાંથી ૨ વસ્તુનો ત્યાગ કરવો. અથવા વસ્તુ વાપરવાની સંખ્યા નક્કી કરવી કે આટલાથી વધારે નહી વાપરવી.

(૫) સંલીનતા :- એકાંતમાં રહેવું. જ્ઞાનાદિ વિગેરેની આરાધનામાં લીન રહેવું. સ્વાધ્યાય આદિ અનુષ્ઠાનો એકાગ્રતાપૂર્વક થાય છે. અંગોપાંગ સંકોચી રાખવા.

(૬) કાયકલેશ : જેનાથી કાયાને કલેશ કષ્ટ થાય તે કાયકલેશ તપ, વિરાસન આદિ આસનો, કોયોત્સર્ગ, લોચ-ઉગ્રવિહાર આદિ કાયકલેશ તપ છે.

**અભ્યતંર તપ**

(૧) પ્રાયશ્ચિત : જે અપરાધની શુદ્ધિ કરે તે પ્રાયશ્ચિત

(૨) વિનય : ગુણ અને ગુણી પ્રત્યે ભક્તિ - બહુમાન કરવું. જ્ઞાની તથા જ્ઞાનનો વિનય કરવો.

(૩) વૈયાવચ્ચ : ગુરુ પ્રમુખની, આચાર્ય આદિ મહાપુરુષોની આદરભાવથી ભક્તિ કરવી સેવા કરવી.

(૪) સ્વાધ્યાય : શ્રુતનો અભ્યાસ કરવો.

(૫) ધર્મધ્યાન : આર્ત રૌદ્ર ધ્યાન નિવારી - ધર્મ અને શુકલ ધ્યાનમાં પ્રવેશવું.

(૬) કાયોત્સર્ગ : સાધનામાં બિનજરૂરી વસ્તુનો ત્યાગ કરી કર્મક્ષય ............. કાયા - વોસિરાવવી તે કાયોત્સર્ગ

# શુભ દિપાવલી - નૂતન વર્ષ

દીવાળી (શ્રી મહાવીરસ્વામી નિર્વાણ કલ્યાણક) - ૧૮-૧૦-૨૦૦૯
(પૂજય શાસન સમ્રાટ આચાર્યદેવ શ્રી વિજય નેમિસૂરિશ્વરજી મહારાજ સાહેબની સ્વર્ગતિથી)

નૂતન વર્ષ પ્રારંભ - કારતક સુદ એક - ૧૯-૧૦-૨૦૦૯
શ્રી ગૌતમ સ્વામીજીને કેવળજ્ઞાન

**રાત ભલે હો અંધારી, વાટ ભલે હો કાંટાળી,**
**તમે જલાવો સ્નેહદીપ, તો હોય દિલની દિવાળી.**

પ્રભુ શ્રી મહાવીર સ્વામી ૩૦ વર્ષ ગૃહસ્થાવાસમાં, સાડા બાર વર્ષ છદમસ્થપણામાં, ૩૦ વર્ષ કેવળી અવસ્થામાં એમ સર્વ મળી કુલ ૭૨ વર્ષ વર્ષાધિક આયુષ્ય પુરુ કરીને આસો વદ અમાવસ્યાના દિવસે પલાઠી વાળીને બેઠા પછી મન - વચન - કાયાના યોગોને રૂંધી, ચૌદમાં અયોગી ગુણઠાણે પાંચ હ્રસ્વાક્ષર કાસ રહીને સર્વ કર્મનો ક્ષય કરી પ્રભુ મોક્ષે ગયા. તે દિવસે નવ મલ્લકી જાતિમાં રાજા તથા લચ્છવી જાતિનાં રાજાઓ તથા કાશી કૌશલના અધિપતિ પ્રભુને વાંદવા આવ્યા હતા. તે પોસહ - ઉપવાસ કરીને રહ્યા હતા. તેમણે ભગવાનનું નિર્માણ સાંભળ્યું અને તેથી જાણ્યું કે ભાવ ઉદ્યોત તો ગયો પણ દિપકનો દ્રવ્ય ઉદ્યોત કરો. એમ વિચારી દીવા કર્યા. વળી ભગવાનનો નિર્વાણ મહોત્સવ કરવા માટે આકાશ માર્ગે જતા દેવ-દેવીઓની જયોતિને લીધે તે રાત્રી ઉદ્યોતવાળી થઈ. તેમજ 'મેરઈયાં મેરઈયાં' એવો કોલાહલ દેવોના મુખથી થયો તેથી લોકોમાં દીવાના મેરઈયાં કરવાની પ્રથા શરૂ થઈ.

હવે શ્રી ગૌતમસ્વામી દેવોના મુખેથી ભગવંતનું નિર્વાણ જાણીને વિચારવા લાગ્યું કે પ્રભુ તો વીતરાગ હતા અને હું તો રાગવાળો છું. વીતરાગને સ્નેહ કયાંથી હોય ? એકત્વ ભાવનામાં આગળ વધતાં ક્ષપક શ્રેણીમાં ચઢી કેવળજ્ઞાન પામ્યા. આ સમય કારતક સુદ ૧ ની પ્રાઃતકાલનો સમય હતો.

આ પ્રમાણે મહાવીરસ્વામી ભગવાનના મોક્ષ કલ્યાણક નિમિત્તે આસો વદ અમાસના દિવસે દીપાલિકા એટલે કે દિવાળીનું પર્વ લોકમાં શરૂ થયું. વળી તે દેવોએ તે વખતે ભગવાનનો નિર્વાણ મહોત્સવ કર્યા.

પ્રભુનું નિર્વાણ સાંભળીને ભગવંતના ભાઈ નંદિવર્ધન રાજાએ શોકાકુલ થઈને પડવાને દિવસે ઉપવાસ કર્યો. સુદર્શનાબહેને કારતક સુદ-૨ના દિવસે નંદિવર્ધનને પોતાના ઘરે જમાડીને શોક દૂર કરાવ્યો માટે તે દિવસથી લોકોમાં ભાઈ-બીજનો તહેવાર શરૂ થયો.

આસોવદ અમાસની રાત્રે "શ્રી મહાવીર સ્વામી સર્વજ્ઞાય નમઃ" -- આ પદની ૨૦ નવકારવાળી ગણવી.

આસોવદ અમાસની પાછલી રાતે (મધ્યરાત્રી) એ "મહાવીરસ્વામી પારંગતાય નમઃ" (ભગવાન મહાવીરના દેવવંદન કરવા) આ પદની ૨૦ નવકારવાળી ગણવી.

કારતકસુદ-૧ ની પ્રભાતે શ્રી ગૌતમ સ્વામીના દેવવંદન કરી દરેક પદની "શ્રી ગૌતમસ્વામી સર્વજ્ઞાય નમઃ" ના પદની ૨૦ નવકારવાળીનો જાપ કરવો.

**મારે દિવાળી થઈ આજ, પ્રભુ મુખ જોવાને,**
**સર્યા સર્યા રે સેવકના કાજ, ભવ દુઃખ ખોવાને,**
**મહાવીર સ્વામી મુક્તે પોહાતા ગૌતમ કેવલજ્ઞાન,**
**ધન્ય અમાવશ્યા, ધન્ય દિવાળી મારે...**

વીર પ્રભુ નિર્વાણ..................................

## શાસન સમ્રાટ આચાર્ય શ્રી વિજય નેમિસૂરીશ્વરજી

૨૦મી સદીના એક મહાન વિભૂતિ એટલે શાસન સમ્રાટ આચાર્ય શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મ. સા. નો જન્મ (મહુવાનગર ની ધન્યધરાએ) દિવાળીની પાછલી એટલે કે બેસતાવર્ષની વહેલી સવારે અને આ મહાપુરુષનું મહાપ્રયાણ પણ આસો વદ અમાસના દિને.

કેવો ભવ્ય યોગાનુયોગ "દિવાળીએ દિધા અને દિવાળીએ લીધા" મહુવામાં જન્મ અને મુહવામાં જ અંતિમ વિદાય, જે દિવસે જન્મ તે જ દિવસે વિદાય, જે ઘરમાં જન્મ તે જ ઘરમાંથી વિદાય........

## જ્ઞાનપાંચમ

જ્ઞાન પાંચમ - કારતક સુદ પાંચમ - ૨૩-૧૦-૨૦૦૯

આ પર્વ કારતક સુદ પાંચમના દિવસે આવે છે. આ જ્ઞાનપાંચમની આરાધના થી સૌભાગ્યની વૃદ્ધિ થતી હોવાથી એને સૌભાગ્ય પાંચમ પણ કહે છે.

જ્ઞાનની આરાધના કરવા માટે એકાવન (૫૧) લોગસ્સનો કાઉસગ્ગ તથા ૫૧ સાથીયા વળી ૫૧ ખમાસમણાં અને 'નમો નાણસ્સ' પદની ૨૦ નવકારવાળી ગણવાથી જ્ઞાનની સુંદર આરાધના થાય છે.

જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય (નાશ) થવાથી અજ્ઞાન, મુર્ખ પણ પંડિત બને છે. ભવ્ય જીવોએ જ્ઞાનની વિરાધનાથી દૂર રહેવું. અજ્ઞાનતાની ગાંઠ દૂર કરવા માટે જ્ઞાનપાંચમની આરાધના કરવી.

આ તપ કારતક સુદ ૫ (જ્ઞાનપાંચમી) ના દિવસે શરૂ કરવું તે દિવસે તપમાં ઉપવાસ કરવો. જ્ઞાન સમક્ષ કોરા કાગળ, લેખણ, બોલપેન તથા ફળ નૈવેદ્ મુકવા. પાંચ વાટનો દિવો કરવો. આ તપ પાંચ વર્ષને પાંચ માસ સુધી કરવું. દરેક સુદ પાંચમે ઉપવાસ કરવો. કારતક સુદ પાંચમે મોટા દેવવંદન કરવા.

ખમાસમણાનો દુહો :--

**અધ્યાત્મ જ્ઞાને કરી, વિઘટે ભવ ભ્રમ ભીતિ,**
**સત્ય ધર્મ તે જ્ઞાન છે, નમો નમો જ્ઞાનની રીતિ.**

## કારતક સુદ પૂનમ

સિધ્ધાચલ યાત્રા પ્રારંભ - કારતક સુદ પુનમ, ૦૨-૧૧-૨૦૦૯

ચાર્તુમાસ પૂર્ણ થયા બાદ પ્રથમ શંત્રુજય તીર્થની યાત્રા શરૂ થાય છે. ભાવ સહિત જે શંત્રુજય સન્મુખ પગલુ ભરે તેનો ક્રોડો ભવથી એકઠા થયેલા પાપો નાશ પામે છે. પાપી આત્મા પાવન બની જાય છે. શેતાન - સંત બની જાય, ખુની પણ મુની બની જાય છે. આ તીર્થનો મહિમા કહેવા માટે કેવળજ્ઞાની પણ અસમર્થ છે. કાર્તિક પૂનમોને દિવસે દ્રાવિડ - વારિખિલ્લ ૧૦ ક્રોડ મુનિ સાથે મોક્ષે ગયા છે.

કાર્તિક પૂર્ણીમા એટલે - ચાર્તુમાસની પૂર્ણાહૂતિ અને સિદ્ધગિરિની યાત્રાનો પ્રારંભ.... ચાર્તુમાસમાં સ્થિત પૂજયો. સકલસંઘ સાથે યોગ્ય સ્થાને રહેલ સિદ્ધગિરિના પટ્ટને જુહારે.... વધાવે.... ગિરિના ગુણલા ગાય... યાત્રા કર્યાનો આનંદ અનુભવે.

કાર્તિક પૂર્ણિમાનો મહિમા અપરંપાર છે. આવા પર્વના દિવસોના મહિમામાં મહાનપુરુષોના જીવન ચરિત્રો જોડાયેલા હોય છે. આ દિવસે દ્રાવિડ અને વારિખિલ્લ દશ ક્રોડ મુનિરાજોની સાથે શંત્રુજયની પાવન પવિત્ર પૃથ્વિ પર શાશ્વત પદ (મોક્ષ) ને પામ્યા હતા.

**દ્રાવિડને વારિખિલ્લજી, દશ કોટી અણગાર**
**સાથે સિદ્ધવધુ વર્યા, વંદુ વારંવાર.**

## મૌન એકાદશી

મૌન એકાદશી - માગશર સુદ ૧૧

માગશર સુદ અગિયારસના દિવસે મૌન એકાદશીનું પર્વ આવે છે. આ દિવસે ત્રણ ચોવીસીઓના તીર્થંકરોના ૧૫૦ કલ્યાણકો થયા છે માટે આ દિવસ એવો શ્રેષ્ઠ છે કે આ દિવસે ઉપવાસ કરનારને ૧૫૦ ઉપવાસનું ફળ મળે છે.

એકવાર બાવીસમાં શ્રી નેમિપ્રભુ દ્વારિકા નગરીમાં સમોસર્યા તે વખતે કૃષ્ણ મહારાજા પ્રભુને વાંદીને સભામાં બેઠા હતા. પ્રભુ એ વૈરાગ્યમય દેશના આપી અને દેશના અંતે કૃષ્ણે પુછ્યું કે હે ભગવાન! વર્ષના ૩૬૦ દિવસોમાં એવો કયો ઉત્તમ દિવસ છે કે જેમાં કરેલું થોડુ પણ વ્રતાદિ તપ ઘણું ફળ આપે ? જવાબમા પ્રભુએ જણાવ્યું કે હે કૃષ્ણ, માગશર સુદ એકાદશી નો દિવસ સર્વ પર્વોમાં ઉત્તમ છે કારણકે તે દિવસે ત્રણ ચોવીસીના તીર્થંકરોના ૧૫૦ કલ્યાણક આવે છે. તે આ પ્રમાણે ભરતક્ષેત્રમાં વર્તમાન ચોવીસીમાં આ દિવસે (૧) અઢારમાં શ્રી અરનાથપ્રભુની દીક્ષા થઈ છે (૨) એકવીસમાં શ્રી નેમિનાથપ્રભુને કેવળજ્ઞાન થયું હતું અને (૩) ઓગણીસમાં શ્રી મલ્લિનાથ પ્રભુનો જન્મ થયો હતો. (૪-૫) અને તેમની દીક્ષા તથા કેવળજ્ઞાન પણ તે જ દિવસે થયું હતું. એમ ભરતક્ષેત્રમાં આ ચોવીસીમાં પાંચ કલ્યાણકો થયા છે. આ પ્રમાણે કુલ પાંચ ભરતક્ષેત્ર - પાંચ ઐરાવતક્ષેત્ર આમ પાંચ પાંચ કલ્યાણકો થવા હોવાથી ૫૦ થયા. તે પ્રમાણે ગયેલી (અતીત) ચોવીસીમાં ૫૦ થયા અને અનાગત (આવતી) ચોવીસી માં પણ ૫૦ થશે. તેથી ૧૫૦ કલ્યાણકો આ તિથિ એ થયા છે. માટે આ તિથિએ ઉપવાસ કરવાથી ૧૫૦ ઉપવાસનું ફળ મળે છે અને હા, આ તપની વિધિપૂર્વક જેઓ આરાધના કરે છે તેમના ફળનું તો કહેવું જ શું ? આ તપ આરાધના વર્ષે પૂરો થાય છે. આ દિવસે મુખ્યતાએ મૌન જાળવવાનું હોવાથી મૌન એકાદશી કહેવાય છે.

*વિતરાગ સર્વજ્ઞ એવા તિર્થંકર ભગવંતોએ બતાવેલા તત્વો ઉપર રૂચિ - પ્રિતિ - વિશ્વાસ કરવો તે જ સંપૂર્ણ સત્ય છે એમ માનવું તે* ***"સમ્યક્ દર્શન"*** *કહેવાય છે.*

*વિતરાગ ભગવંતે બતાવેલા જીવ - અજીવ આદિ તત્વોનું શ્રધ્ધાપૂર્વકનું યથાર્થ જે જ્ઞાન કરવું તે* ***"સમ્યક્જ્ઞાન".***

*ભોગોને - અસાર સમજી વૈરાગ્યપૂર્વક તેનો ત્યાગ કરવો તે* ***"સમ્યક્ચારિત્ર"*** *છે.*

*આ ત્રણ આત્માના ગુણો છે તે ગુણો કર્મોથી ઢંકાયેલા છે.*

*શ્રુતવાણી*